## <u>૨૭માં એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, અમદાવાદ શહેર.</u>

**<u>ક્રિ. કે. નં. 32320/2020</u>**
**આંક :**

ફરીયાદી :– સરકારશ્રી,

<u>વિરુધ્ધ</u>

આરોપીઓ :– સુલતાન શૌકતભાઈ મિર્ઝા,
રહે. ગોમતીપુર, અમદાવાદ.

<u>ઠરાવ</u>

(૧) ફરીયાદપક્ષના કેસની તપાસના અંગે પોલીસે આરોપી સામે ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ બજતાં આરોપી હાજર ના રહેતા તેઓ ને કાઢેલ પકડ વોરંટના આધારે તેઓને કોટ્ર માં રજુ કરતાં તેઓ વિરુધ્ધ જેલ વોરંટ ભરી તેઓને કેસ પેપર્સની નકલો આપી આંક – થી તહોમતનામું ફરમાવવામાં આવ્યું હતું. ત્યારબાદ આરોપીએ જેલર સમક્ષ કબુલાત કરી ગુનો સ્વૈચ્છિક રીતે અને કોઈપણ જાતના દબાણ કે ધાક ધમકી વગર ગુનાની કબુલાત કરેલ તેમજ પોતાને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પુરતા કારણો હોવાનું જણાવેલ છે આરોપીઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ તેઓ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોઈ ગુના કબુલાતની પુરશીશ રેકર્ડે આવેલ છે.

(૩) આરોપીઓ સામે ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનાનું તહોમત છે. તેમજ આરોપીની આંક– ની કબુલાત પુરશીશ કમ નિવેદન વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં આરોપીઓ ગરીબ વર્ગનો માણસ જણાય છે. અને શારીરીક રીત અશકત અને બીમાર છે.તેમજ તે કુટુંબના એક માત્ર કમાનાર સભ્ય છે, તેના શીરે કુટુંબના ભરણપોષણની જવાબદારી છે, તેઓનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવતા હોય, આથી જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.

(૪) આમ, આરોપીઓની સ્થિતિ, સંજોગો વગેરે ધ્યાને લેતા આરોપીને કાયદામાં ઠરાવેલ ન્યુનતમ સજા અને દંડ કરવા માટે વ્યાજબી કારણો જણાતા હોય, ત.ક.અમલદાર તથા આરોપીને સજા અંગે સાંભળ્યા બાદ નીચે મુજબનો હુકમ કરું છું.

**:: આખરી હુકમ ::**

(૧) આરોપી સુલતાન શૌકતભાઈ મિર્ઝા, રહે. ગોમતીપુર, અમદાવાદનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબના શિક્ષા પાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે, અને આરોપીને પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) ના ગુના માટે આરોપીને એક (૦૧) દિવસની સાદી કેદની સજા તથા રૂા.૫૦૦/– (અંકે પાંચસો પુરા) ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ થી કસ્ટડીમાં હોય તે સજા કલમ–૪૨૮ સી.આર.પી.સી. મુજબ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ અંગે નિયમોનુસાર કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપીની જો અન્ય ગુના ના કામે કસ્ટડીની જરૂરીયાત ના હોય તો તેઓને તાતકાલીક ધોરણે મુકત કરવા જેલર શ્રી ને યાદી કરવી.

(૫) હુકમની એક નકલ આરોપીને વીના મુલ્ય પુરી પાડવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૫/૨૦૨૫

**( વિપિન કુમાર બંસલ )**
૨૭ માં એડી.ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ
જજ કોડ નં.જી.જે.૦૧૨૩૩
(કોર્ટ નં. ૪૦) અમદાવાદ શહેર